INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
**website :** www.incgujarat.com • **E-mail :** gpcc1234@gmail.com

**<u>અખબારી યાદી</u>** **<u>તા.૦૮-૦૮-૨૦૨૫</u>**

નવી મેડીકલ કોલેજો સ્થાપવા માટે **રાજ્યમાં "બ્રાઉન ફીલ્ડ સ્કીમ" એ ભાજપ સરકારનું સુનિયોજિત "સ્કેમ"** હોવાનું સામે આવી રહ્યું છે ત્યારે ખાનગી મેડીકલ કોલેજોને કિંમતી જમીન કરોડો રૂપિયાથી ઊભી થયેલ સીવીલ હોસ્પીટલ / જિલ્લા હોસ્પીટલ સહિત પાંચ વર્ષે ૧૧૦ કરોડ જેટલી માતબર રકમ સરકારી તિજોરીમાંથી આપવાની વ્યવસ્થા – ગોઠવણ અંગે તપાસની માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિની મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, **ખાનગી મેડિકલ કોલેજો માં બેઠકો વધારા તથા નવી મેડીકલ કોલેજોની મંજુરીના નામે મોટી ગોલમાલ થઈ રહી છે.** રાજ્યમાં બ્રાઉન અને ગ્રીન ફિલ્ડ સ્કીમ હેઠળ મેડિકલ કોલેજ નામે મોટું કૌભાંડ ચાલી રહ્યું છે. **30 જૂન ના રોજ મેડિકલ કોલેજો નું એક કૌભાંડ સામે આવ્યું છે. સીબીઆઈ એ ફરિયાદ દાખલ કરીને મેડિકલ કોલેજો માં સીટો વધારવા નું કૌભાંડ ખુલ્યું** હતું. **સીબીઆઈએ ફરિયાદ નોંધી તેવા આરોપી નંબર 35 વિશ્વ મંગલ ગુરૂકુળ કલોલના ભક્તવત્સલ સ્વામી પણ સામેલ છે. જે સ્વામીનારાયણ વિશ્વ મંગલ ગુરૂકુલ, કલોલની મેડીકલ કોલેજ** ચલાવી રહ્યાં છે. **સ્વામીનારાયણ વિશ્વ મંગલ ગુરૂકુલ, કલોલ સંસ્થા એ મહીસાગર અને ખેડા ખાતે નવી મેડિકલ કોલેજ માટે રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા ૧૭મી ઓગસ્ટના રોજ બ્રાઉનફીલ્ડ હેઠળ માંગણી મુકી** છે જેનું આરોગ્ય વિભાગ ખાતે પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું. **સીબીઆઈના ચોપડે ગેરરીતિ વાળી કોલેજોની હજુ તપાસ ચાલે છે ત્યાં, આવી જ સંસ્થાઓને બીજી નવી કોલેજો ને મંજૂરી માટે ગોઠવણ** ચાલી રહી છે. બ્રાઉન ફીલ્ડ અને ગ્રીન ફીલ્ડ યોજના થકી 20 એકર જમીન, સિવિલ હોસ્પિટલ,કોલેજ દીઠ 11.25 કરોડ રૂપિયા એટલેકે પાંચ વર્ષે 60 કરોડ રૂપિયા મળવા પાત્ર થતા હોય છે. ગુજરાતમાં ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહ બાદ મેડિકલ કોલેજ માં વધારો થાય તે આવકાર્ય બાબત છે પણ, ભાજપ સરકારે પોતાના મળતિયાઓને ખાનગી કોલેજો-યુનિવર્સિટીઓને આડેધડ મંજૂરી આપીને કરોડો રૂપિયાની આર્થિક લાભો પહોંચાડી રહી છે. **ભાજપ સરકાર વિધાર્થી હિત ના નામે સરકારી મિલકત અને કોલેજો પોતાના ખાસને પધરાવી દે તે કેટલે અંશે વ્યાજબી ?** ભાજપની સરકારે પોતાના મળતિયાઓને વિશેષ લાભ માટે ગોઠવણ કરીને ખાનગી યુનિવર્સીટીઓ ને મંજૂરીઓ આપી છે. પોતાના મળતિયાઓને સિવિલ સોંપી દેવી,કોલેજો સોંપી દેવાનું કામ કર્યું. "ચંદા દો અને ધંધા લો" ની નવી યોજનાઓ ભાજપે લાવી છે. આવા ભ્રષ્ટ લોકોને સિવિલ હોસ્પિટલ સોંપવાની કાર્યવાહી હાથ ધરવા ની તજવીજ ચાલે છે. ખાનગી મેડીકલ કોલેજોને કરોડો રૂપિયાના લાભો સરકારી તિજોરીમાંથી બ્રાઉન ફીલ્ડ હેઠળ આપવાની વ્યવસ્થા આરોગ્યમંત્રી અને મુખ્યમંત્રીના આશીર્વાદ થી ચાલે છે કે કેમ તેની તપાસ થવી જોઈએ.

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા